# ડીસા પંથકમાં બટાકાના ખેતરમાં ગાયો ભેળાવી હોવાનો વીડિયો વાયરલ

## ભાવ તળીયે પહોંચી જતા જગતનો તાત લાચાર

ડીસા, તા. ૨૮

રાજ્યભરમાં ચાલુ સાલે શાકભાજીના રાજા ગણાતા બટાટા અને ડુંગળી પકવતા ખેડૂતો ખૂબ જ મુશ્કેલીમાં મુકાયા છે.બટાટા ડુંગળીના ભાવ એકદમ તળિયે બેસી જતા ખેડૂતોને ભયંકર આર્થિક નુકસાની ભોગવવાનો વારો આવ્યો છે ત્યારે બટાકામાંથી ઉપર ફેંક્યા હતા.ત્યારે આ વર્ષે પણ બટાકાનો બિલકુલ ભાવ ન મળતા તેમજ કોલ્ડ સ્ટોરેજમાં મુકવા જાય તો કોલ્ડ સ્ટોરેજનું ભાડું પણ નીકળે નહીં તેવી સ્થિતિ હોવાથી ખેડૂતો મુંજાયા છે. ત્યારે ડીસામાં એક ખેડૂતે પોતાના ખેતરમાંથી કાઢેલા બટાટામાં ગાયો છુટ્ટી મૂકી દઈ ભેલાણ કરાવતો હોવાનો વિડિયો



બિલકુલ ઉપજ ન થતા ખેડૂતો બટાટાને ગાયોને ખવડાવી રહ્યા હોય તેવો વિડીયો વાયરલ થતાં સમગ્ર સોશિયલ મીડિયામાં ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

દેશભરમાં બટાકાના હબ ગણાતા ડીસામાં ચાલુ વર્ષે બટાટાનું બમ્પર ઉત્પાદન થયું છે સાથે સાથે કાઠીયાવાડમાં ડુંગળીનું પણ મબલખ ઉત્પાદન થયું છે જોકે શાકભાજીના રાજા ગણાતા બટાટા અને ડુંગળીના ભાવ સાવ તળિયે બેસી જતા ખેડૂતોને ખાતર બિયારણ જેટલો પણ ખર્ચ નીકળી શકે તેવી સ્થિતિ નથી. ત્યારે બટાટા હબ ગણાતા ડીસામાં વર્ષ ૨૦૧૧ બાદ આ વર્ષે ફરીથી બટાકાના ભાવ સાવ તળિયે બેસી ગયા છે.અગાઉ ખેડૂતોએ બટાટા રોડ સોશિયલ મીડિયામાં ખૂબ જ વાયરલ થયો છે. ત્યારે ખેડૂતોની લાચારી દર્શાવતો આ વિડીયો અત્યારે દેશભરમાં ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.બટાટાના ખેડૂતો સરકાર પાસે ટેકાના ભાવની માંગ કરી રહ્યા છે જોકે હજુ સુધી સરકારે ખેડૂતોની કોઈ વાત સાંભળી નથી ત્યારે આ વાઈરલ થયેલા આ વીડિયોના આધારે સરકાર બટાટાના ખેડૂતોની સ્થિતિ સમજે તો જ ખેડૂતોને આર્થિક સહાય મળી શકશે અન્યથા અનેક ખેડૂતો દેવામાં આવી જાય તેવી સ્થિતિ છે. તેમજ દેવાના કારણે ખેડૂતોને આત્મહત્યા કરવી પડે તેવી પરિસ્થિતિ ઉભી થાય તો પણ નવાઈ નહીં.

# કમાલપુરની દિકરીએ કમાલ કરી: દિલ્હી ખાતે સૌથી યુવા લેખિકા તરીકે સન્માન કરાયું


**યુવા લેખિકા શ્વેતા પટેલના "ગોઝારો ઢેખાળીયો કૂવો- દઢવાવ" પુસ્તકનુ વિમોચન કરાયું : ઇતિહાસના પાને ક્યાંય અંકિત ન થયેલા પાલ દઢવાવ હત્યાંકાંડનો ઇતિહાસ હવે વિશ્વભરના પુસ્તકાલયોમાં સ્થાન પામશે : દિલ્લીના વિશ્વ પુસ્તક મેળામાં જય જય ગરવી ગુજરાતના નાદ ગુંજ્યા : સાબરકાંઠા જિલ્લા માહિતી કચેરીમાં માહિતી મદદનીશ તરીકે ફરજ બજાવે છે શ્વેતા પટેલ**

હિંમતનગર,તા. ૨૮

સાબરકાંઠા, મહેસાણા અને ગાંધીનગર જિલ્લાના ત્રિભેટે આવેલુ ઈડર તાલુકાનું કમાલપુર ગામ આમ તો સાવ અજાણ્યું લાગે પરંતુ ત્યાંની દિકરીએ એવી તો કમાલ કરી છે કે સાબરકાંઠા જિલ્લો જ નહિ પરંતુ સમગ્ર ગુજરાત અને દેશને તેના આ કાર્ય પર ગર્વ લઈ શકે. ખેડૂત પરીવારમાં જન્મેલી શ્વેતા પટેલે પોતાનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ગામમાંથી જ લીધુ જયારે વિજ્ઞાન પ્રવાહ સાથે સ્નાતક ઈડરથી કર્યુ પરંતુ જેનું નિર્માણ લેખન કૌશલ્ય માટે જ થયું હોય એ જ સ્વાભાવિક રીતે પત્રકારત્વ સાથે નાતો બંધાય તેમ શ્વેતા પટેલે ગુજરાત વિધાપીઠમાંથી પત્રકારત્વમાં પણ અવલ્લ નંબરે ઉતીર્ણ થઈ, બસ ત્યારથી સફર શરૂ થઈ આ લેખનની, માંડ ૨૪ની ઉમરે પંહોચેલી શ્વેતા પટેલ સંશોધન કરી લેખન કરે અને તેની નોંધ છેક દિલ્હી સુધી લેવાય એ સાવ નાની સૂની વાત ન કહેવાય.

આ અંગે વાત કરતા યુવા લેખિકા શ્વેતા પટેલ કહે છે કે, સમગ્ર દેશમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થતાં આઝાદીનો અમૃત મહોત્સવની ઉજવણીનો પ્રારંભ કર્યો. જે અંતર્ગત ભારત સરકારના શિક્ષણ મંત્રાલય, નેશનલ બુક ટ્રસ્ટ અંતર્ગત પી એમ યુવા મેન્ટોર સ્કીમ અમલમાં મુકી જેમાં વણખેળાયેલા ઈતિહાસને





ઉજાગર કરવા સમગ્ર ભારતમાંથી ૭૫ પી. એમ યુવા લેખકોની પસંદગી કરવામાં આવી હતી. જેમાં પત્રકારત્વના અભ્યાસકાળ વર્ષ-૨૦૨૧દરમિયાન જ ગુજરાતમાંથી યુવા લેખિકા તરીકે મારી પસંદગી કરાઈ હતી.

લગભગ એક વર્ષના સંશોધન બાદ સાબરકાંઠામાં આઝાદીની ચળવળમાં આદિવાસી ક્રાંતકારીઓની ભૂમિકાનું ચિત્રનું આબેહૂબ નિરૂપણ કરતું " ગોઝારો ઢેખાળીયો કૂવો- દઢવાવ"પુસ્તક સ્વરૂપે આકાર પામ્યું. જેનું નેશનલ બુક ટ્રસ્ટ દ્વારા વિશ્વ પુસ્તક મેળો, પ્રગતિ મેદાન ન્યુ દિલ્લી ખાતે કેન્દ્રીય શિક્ષા રાજ્યમંત્રીશ્રી રાજકુમાર રંજનની ઉપસ્થિતમાં વિમોચન કરવામાં આવ્યું હતું.

યુવા લેખિત શ્વેતા પટેલે ઈન્ટરનેશનલ કોર્નર ન્યુ દિલ્લી ખાતે ઉદબોધન કરતા જણાવ્યું હતું કે આપણે થોડા દિવસ પહેલા જ ૨૧ ફેબ્રુઆરીએ આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની ઉજવણી કરી. હું મારી માતૃભાષા ભાષામાં વાત કરવાનું પસંદ કરીશ. કારણ કે જો હું મારી માતૃભાષા નહીં બોલું તો બીજું કોણ બોલશે. મને મારી માતૃભાષા ઉપર ગર્વ છે.દરેક નાગરિકને પોતાની માતૃભાષાનો ગર્વ હોવો જોઈએ.ગુજરાતના યુવા લેખિકાના પ્રભાવશાળી વકતવ્યથી ફ્રાન્સના મહેમાનો સહીત સૌ કોઈ ખુબ પ્રભાવિત થયાં હતા.પ્રગતિ મેદાનમાં જય જય ગરવી ગુજરાતની સાથે ભારત માતા કી જયના નાદ ગુંજ્યા હતા. ઉલ્લેખનીય છે કે, વિવિધક્ષેત્રે નામના પ્રાપ્ત કરનાર અને બહુમખી પ્રતિભા ધરાવતા શ્વેતા પટેલ હાલ સાબરકાંઠા જિલ્લા માહિતી કચેરી ખાતે માહિતી મદદનીશ તરીકે કાર્યરત છે. આ પુસ્તકનું કેન્દ્ર સરકારના નેશનલ બુક ટ્રસ્ટ દ્વારા જુદી જુદી ભાષાઓમાં ટ્રાન્સલેટ કરી દેશ વિદેશના પુસ્તકાલયોમાં સ્થાન આપવામાં આવશે.વર્ડ બુક ફેર દરમિયાન દેશના ૭૫ યુવાઓ દ્વારા કર્તવ્ય પથ, પી. એમ સંગ્રહાલય, રાષ્ટ્રપતિ ભવનની મુલાકાત કરવામાં આવી હતી. વિશ્વ પુસ્તકમેળો ૫ માર્ચ સુધી ખુલ્લો મુકવામાં આવ્યો છે.

પી.એમ યુવા મેન્ટોર સ્કીમ ૩૦ વર્ષથી ઓછી ઉંમરના લેખકોને પોતાની જાતને અભિવ્યક્ત કરવા અને કોઈપણ આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર ભારતને રજૂ કરવા માટે તૈયાર કરવામાં આવી છે. તેમજ ભારતીય સંસ્કૃતિ અને સાહિત્યને વૈશ્વિક સ્તરે રજૂ કરવા માટે તૈયાર કરાઈ છે. આ કાર્યક્રમમાં નોબેલ પ્રાઈસ ૨૦૨૨ વિજેતા ફ્રાન્સના લેખિકા એની એનોક્સ, ફ્રાન્સના રાજદૂત એમેન્યુઅલ લેનિન, ફ્રાન્સ એમ્બેસીના સાંસ્કૃતિક બાબતોના સલાહકાર એમેન્યુઅલ લેબ્રલ ડેમિઅન્સ, ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર પ્રદીપ સિંહ ખારોલા,નેશનલ બુક ટ્રસ્ટના ડાઈરેક્ટરશ્રી યુવરાજ માલિક, એનબીટીનો સ્ટાફ, દેશના ૭૫ યુવાઓ, સાહિત્યજિજ્ઞાશુંઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**વૈમનસ્ય ભર્યા વાતાવરણ દૂર રહી, એકતાની સાંકળ મજબૂત કરવા**

# વડગામના મજાદર ગામે કોમી સોહાર્દનું વાતાવરણ મજબૂત કરવા મસ્જિદ દર્શન કાર્યક્રમ યોજાયો

## સોહાર્દની ભાવના સાથે સંતો, મહંતો, આગેવાનો અને વેપારીઓએ ઉપસ્થિત રહ્યા

પાલનપુર,છાપી, તા.૨૮

બનાસકાંઠા જિલ્લા ના વડગામ તાલુકાના મજાદર ગામે મુસ્લિમ સમુદાય દ્વારા રવિવારે કોમી સોહાર્દ નું વાતાવરણ મજબૂત કરવા વિવિધ સમાજો ના આગેવાનો ને આમંત્રિત કરી મસ્જિદ દર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ માં મસ્જિદ અંતર્ગત જાણકારી આપવામાં આવી હતી.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, દેશ માં સતત નફરત નું વાતાવરણ ઘેરાઈ રહ્યું છે. ત્યારે ઉત્તર ગુજરાત ના બનાસકાંઠા ના વડગામ તાલુકા ના મજાદર ગામ ના મુસ્લિમ સમાજ દ્વારા એક અનોખો અને કોમી એકતા ના સંદેશ સાથે નો પ્રેણાદાયી કાર્યક્રમ નું આયોજન





કરવામાં આવ્યો હતો. આ અંગેની પૂરક વિગતો આપતા અમારા વડગામ પંથકના છાપીના સહયોગી પત્રકાર સુરેશ અગ્રવાલ વધુમાં જણાવે છે કે, કાર્યક્રમ માં ઈસ્લામિક કોલર ઈકબાલભાઈ મિર્ઝા , આસિફભાઈ શેખ, મજાદર ગામના શબ્બીરભાઈ બગા , મહંમદભાઈ કડીવાલ , સલાઉદ્દીન માઢિયા , સાદિકઅલી મહેતા સહિત ના મુસ્લિમ આગેવાનો ઉપસ્થિત રહી મસ્જિદ વિશે વિસ્તૃત જાણકારી આપવા સાથે વઝુ , નમાજ , મસ્જિદ ના ઈમામ તેમજ ઈસ્લામ વિશે પશ્નોત્તરી ના જવાબો અને અજાન બાબતે જાણકારી આપી હતી. ઈકબાલભાઈ મિર્ઝા એ ડૂબતા સૂરજ સામે નમાઝ પઢવા બાબતે જણાવ્યું હતું કે મક્કા મદીના માં આવેલ પવિત્ર કાબા ની સામે નમાજ પઢવા માં આવે છે જેથી અલગ અલગ દિશા ના દેશો કાબા સામે નમાજ પઢતા હોઈ ચારે દિશા સામે નમાજ પઢવામાં આવે છે. મસ્જિદ દર્શન કાર્યક્રમમાં સંતો , મહંતો ,સામાજિક આગેવાનો સહિત વેપારીઓ મોટી સંખ્યા માં ઉપસ્થિત રહ્યા હતા જેમનું મજાદર ગામ દ્વારા હૃદય થી આવકારવામાં આવ્યા હતા. અને ઉપસ્થિત સર્વે આમંત્રિત મહેમાનો એ અનોખા કાર્યક્રમ ને બિરદાવ્યો હતો.

# કપડવંજમા ફેન્સીગ તાલીમ સેન્ટરની શરૂઆત થઈ

ખેડા, તા. ૨૮

કપડવંજ કેળવણી મંડળ સંકુલમા સી.એન. વિદ્યાલય ખાતે આજે તા. ૨૮/૦૨/૨૦૨૩ના રોજ ફેન્સીગ ટ્રેનીગ સેન્ટરનુ ઉદઘાટન કરવામા આવ્યુ હતું.આ પ્રસંગે કપડવંજ કેળવણી મંડળના ઉપપ્રમુખ નીલાબેન પંડ્યા, મંત્રી અનંતભાઈ શાહ, જિલ્લા રમત વિકાસ અધિકારી મનસુખભાઈ તવેથીયા, સી.એન. વિદ્યાલયના આચાર્ય પી. વી. પટેલ, મંડળની વિવિધ સંસ્થાઓના વ્યાયામ શિક્ષક ગણ, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નિપાબેને જીવનમા રમતગમતના મહત્વને સમજાવી કોઈપણ એક રમત રમવા ખેલાડીઓને અપીલ કરી હતી. જિલ્લા રમત વિકાસ અધિકારી મનસુખભાઈ તવેથીયાએ ઉપસ્થિત સૌને ઓલમ્પિક રમત ફેન્સીગથી માહિતગાર કર્યા હતા અને ફેન્સીગ ટ્રેનીગ સેન્ટર શરૂ કરવાના સંસ્થાના પગલાને આવકાર્યુ હતુ. સંસ્થાના મંત્રી અનંતભાઈએ જણાવ્યુ હતુ કે, અગાઉ જાહેરાત કરી હતી તે મુજબ કપડવંજના રમતવીરો ઓલમ્પિક રમત ફેન્સીગમા આગળ વધે તે હેતુથી આ ટ્રેનીગ સેન્ટર શરૂ કરવામા આવેલ છે. આ તબક્કે તેઓએ સહયોગી સંસ્થા સંસ્કારધામ સ્પોર્ટસ એકેડમીનો અને




ફેન્સીગ એસોસીએશનનો આભાર વ્યક્ત કર્યો હતો. ટ્રેનીગ સેન્ટરના ઉદઘાટન કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના સી.ઈ.ઓ. મૌલીકભાઈ, સ્પોર્ટસ ઈન્ચાર્જ જીત બહાદુર સારુ અને ફેન્સીગ કોચ આતીફ સૈયદે ભારે જહેમત ઉઠાવી હતી.

# પ્રાંતિજ અવરઓન ઈંગ્લિશ મિડીયમ સ્કૂલ ખાતે સ્પોર્ટસ વિક ઉજવાયો

પ્રાંતિજ તા.૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ અવરઓન ઈંગ્લિશ મિડીયમ સ્કુલ ખાતે સ્પોર્ટસ વિક ઉજવવામા આવ્યો હતો જેમા સ્કુલ ના બાળકો સહિત વાલીઓએ પણ ભાગ લીધો હતો. પ્રાંતિજ રેલ્વેસ્ટેશન ઉપર આવેલ વિવિધ સંસ્થાઓ પૈકી અવરઓન ઈંગ્લિશ મિડીયમ સ્કુલ ખાતે તા ૨૨





થી ૨૭ ફેબુઆરી સુધી સ્પોર્ટસ વિક ની ઉજવણી કરવામા આવી હતી જેમા નર્સરી થી ધોરણ-૪ સુધીમા અભ્યાસ કરતા કુલ-૨૯૧ વિધાર્થીઓએ ભાગ લીધો હતો જેમા શોટપૂટ, રનીંગ , બેક વોકીંગ, બોલ પાસીગ, મ્યુઝિકલ ચેર, બેલેન્સીંગ વગેરે રમતો યોજાઈ હતી તો ૧૦૦ જેટલા વાલીઓએ પણ વિવિધ રમતોમા ભાગ લીધો હતો જેમા ૧ મીનીટ ગેમ , પઝલ ગેમ, કપલ ગેમ, ફેમિલી ગેમ, મ્યુઝિકલ ચેર, શોટપૂટ, સેક રેસ જેવી સ્પર્ધાઓમા ભાગ લીધો હતો તો સ્પોર્ટસ ડેની શરૂઆત બાળકોએ પરેડથી તથા સુર્ય નમસ્કાર થી અને વિવિધ એસ્કસર સાઈઝથી સ્પોર્ટસ ડે શરૂઆત કરવામા આવી હતી તો સમગ્ર કાર્યક્રમનુ સફળ સંચાલન મુસ્કાન બેન દ્વારા કરવામા આવ્યુ હતુ તો તમામ બાળકો તથા વાલીઓએ વિવિધ ગેમ્સ મા વિનર બન્યા હોય તેવોને સંસ્થા તરફથી ટ્રોફી તથા ગોલ્ડ , સિલ્વર મેડલ અને સર્ટી આપીને પ્રોત્સાહિત કરવામા આવ્યા હતા તો સ્પોર્ટસ ડે નિમિત્તે જયંતિભાઈપટેલે હાજરી આપી હતી અને બાળકોને પ્રોત્સાહિત કરવામા આવ્યા હતા તો અવરઓન ઈંગ્લિશ મિડીયમ સ્કુલના પ્રિન્સીપાલ જાગૃતિબેન શાહ તથા પ્રિન્સીપાલ દર્શિલભાઈ દેસાઈ સહિત સમગ્ર સ્ટાફ દ્વારા સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ.

# કર લો એક્ઝામ મુટ્ઠી મેં : આકરૂન્દ હાઈસ્કૂલમાં ધો.૧૦-૧૨ બોર્ડ પરીક્ષા આપનારા છાત્રોનો શુભેચ્છા સમારોહ યોજાયો

## છાત્રો બોર્ડ પરીક્ષાના હાઉ વગર નિર્ભયી બની પરીક્ષા આપે – આમંત્રિતો

બાયડ, તા.૨૮

ધનસુરા તાલુકાની શ્રીમતી પી. કે. ફણસે વિદ્યાલય-આકરૂન્દના આંગણે મંગળવારે કરલો એક્ઝામ મુટ્ઠી મેં-૨૦૨૩ કાર્યક્રમ જાણીતા ક્વોરી ઉદ્યોગપતિ જયંતિભાઈ શામજીભાઈ પટેલની અધ્યક્ષતામાં અને નિવૃત્ત કાર્યપાલક ઈજનેર (સિંચાઈ વિભાગ) કે. બી. પટેલ, નિવૃત્ત મામલતદાર એચ.વી.ગોર સહિત આમંત્રિતોની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો જેમાં આગામી તા.૧૪ માર્ચ થી શરૂ થતી બોર્ડ પરીક્ષામાં શાળાના છાત્રો ભરપૂર આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપી શૈક્ષણિક સંસ્થા અને ગામ સહિત પરિવારનું ગૌરવ વધારે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. જ્યારે આકરૂન્દ કેળવણી મંડળના અદ્દભૂત આયોજનને આમંત્રિત મહેમાનોએ જાહેરમાં બિરદાવ્યું હતું. કરલો એક્ઝામ મુટ્ઠી મેં કાર્યક્રમમાં ૬૫૦ થી વધુ વિદ્યાર્થી-વાલીઓ સહિત શુભચિંતકો ઉપસ્થિત રહ્યા હતા. પ્રાપ્ત જાણકારી અનુસાર બોર્ડ પરીક્ષાના કારણે અનેક વિદ્યાર્થીઓ તણાવ હેઠળ આવી ગયા છે. વાંચેલું યાદ રહેતું નથી, ઉંઘ આવતી નથી જેવી ચિંતાઓ બોર્ડ પરીક્ષા આપનારા છાત્રોને






કોરી ખાઈ રહી છે ત્યારે આકરૂન્દ કેળવણી મંડળ દ્વારા બોર્ડ પરીક્ષાના એક પખવાડીયા અગાઉ કરલો એક્ઝામ મુટ્ઠી મેં કાર્યક્રમ આયોજીત થતો હોય છે. સમારંભના મુખ્ય વક્તા નિવૃત્ત મામલતદાર એચ.વી.ગોર દ્વારા વિદ્યાર્થીઓને તણાવ મુક્ત બની બોર્ડ પરીક્ષા આપવા અનુરોધ કરવાની સાથે ગોખણપટ્ટી કર્યા વગર કેવી રીતે ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી સહિતના વિષયના ચેપ્ટર કેવી રીતે યાદ રાખી શકાય તેની અનોખી ટીપ આપવાની સાથે ઉમદા દ્રષ્ટાંત આપી વિદ્યાર્થીઓમાં ભરપુર આત્મ વિશ્વાસ સિંચવાનો પ્રયત્ન કર્યો હતો તેમજ વિદ્યાર્થીઓ તેમના જીવનમાં હંમેશાં પડકારોને અવસરમાં ફેરવે તે હેતુથી અનેક ખ્યાતિ પ્રાપ્ત પુસ્તકોની ભેટ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આપવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત સમારંભના મોંઘેરા મહેમાન નિવૃત્ત કાર્યપાલક ઈજનેર કે.બી.પટેલે વિદ્યાર્થીઓને બોર્ડ પરીક્ષામાં ઉત્સાહ સાથે પરીક્ષા આપી તેમની શ્રેષ્ઠ કારકીર્દી બનાવવાના અભિયાનનો પ્રથમ પગલારૂપ બોર્ડ પરીક્ષામાં સર્વોચ્ચ ગુણાંકન મેળવી ઉત્તિર્ણ થાય તેવી શુભકામનાઓ પાઠવી હતી. સમારંભના મુખ્ય મહેમાન અને સામાજીક કાર્યકર ચંદુભાઈ કેસરાભાઈ પટેલે આકરૂન્દ કેળવણી મંડળ દ્વારા શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં જોમ અને ઉત્સાહ સિંચવાનો પ્રયાસ થઈ રહ્યો છે તેની સૂપેરે નોંધ લઈ ગ્રામ્ય વિસ્તારની શૈક્ષણિક સંસ્થાઓનું મંડળ ગરીબ બાળકોના અભ્યાસ માટે કેટલું ગંભીર છે તેની પણ નોંધ લીધી હતી. જ્યારે બાયડ લાયન્સ કલબના પૂર્વ પ્રમુખ ભરતભાઈ કે. પંચાલે આકરૂન્દ હાઈસ્કુલ દ્વારા આયોજીત કરલો એક્ઝામ મુટ્ઠી મેં કાર્યક્રમની મુક્તકંઠે પ્રસંશા કરી વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી. ત્યારબાદ શ્રી વી. કે. પટેલ-ગઢકંપા તેમજ શ્રી આઈ.સી.દેસાઈ-નાંણા તેજસ્વી એવોર્ડથી ગત વર્ષે ધો.૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષામાં પ્રથમ આવનારા વિદ્યાર્થીઓનું યાદગાર સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે ગત બોર્ડ પરીક્ષામાં ધો.૧૦માં સર્વશ્રેષ્ઠ વિષયનું પરિણામ લાવનારા આકાશભાઈ એ. પટેલ અને ધો.૧૨ કોમર્સ વિષયમાં ૧૦૦ ટકા પરિણામ લાવનારા જલ્પાબા જે. પરમાર, તોસીફભાઈ એ. શેખનું પણ ઐતિહાસિક સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે શાળાના આચાર્ય જે.ડી.ભાટી, આકરૂન્દ કેળવણી મંડળના મંત્રી હસમુખભાઈ પટેલ વગેરેએ બોર્ડ પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી હતી તેમજ ધો.૧ થી ૧૨ ના તમામ તેજસ્વી તારલાઓનું રોકડ પુરસ્કારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં બાયડના વિશ્વાસ સુપર માર્કેટના સંચાલક મુકેશભાઈ એસ. પટેલ, આકરૂન્દ કેળવણી મંડળના સહમંત્રી ઈશ્વરભાઈ સી. દેસાઈ, સામાજીક કાર્યકર રોનકભાઈ ડી. શાહ, જિલ્લા પંચાયત સદસ્ય કાળીબેન રબારી, આકરૂન્દ ગ્રામ પંચાયત ઉપસરપંચ દિનેશભાઈ પટેલ તેમજ મદદનીશ શિક્ષણ નિરીક્ષક, ડી.ઈ.ઓ. કચેરી-અરવલ્લીના જગદીશભાઈ એસ. ડામોર સહિતના અનેક આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

### ઐતિહાસિક પહેલ - પ્રથમ નંબરની સાથે છેલ્લો નંબર લાવનાર છાત્રોનું પણ બહુમાન કરાયું

આકરૂન્દ હાઈસ્કુલમાં કરલો એક્ઝામ મુટ્ઠી મેં કાર્યક્રમ મંગળવારે યોજાયો જેમાં ગત માર્ચ-૨૦૨૨માં લેવાયેલ બોર્ડ પરીક્ષામાં પ્રથમ આવનાર કુ.ઉર્વશી મુકેશભાઈ ખાંટ(ધો.૧૦) અને અંકીત ભીખાજી પરમાર (ધો.૧૨)નું સન્માન કરવામાં આવ્યું હતું. સાથે સાથે બોર્ડ પરીક્ષામાં છેલ્લા સ્થાને આવનારા ધો.૧૦-૧૨ ના બંન્ને વિદ્યાર્થીઓનું સન્માન કરીને બોર્ડમાં ઉત્તિર્ણ થનાર તમામ વિદ્યાર્થી શાળાનું ગૌરવ હોવાનું આકરૂન્દ કેળવણી મંડળે એક ઐતિહાસિક કદમ ઉઠાવ્યું છે.

### દાતાઓએ દાનની સર્વાણી વહાવી

આકરૂન્દ કેળવણી મંડળ આયોજીત કરલો એક્ઝામ મુટ્ઠી મેં વિવિધ ક્ષેત્રના જાણીતા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને ભરપૂર આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવા આહવાન કર્યું હતું. કાર્યક્રમમાં આકરૂન્દ કેળવણી મંડળ સંલગ્ન શૈક્ષણિક સંસ્થાઓના ભૌતિક વિકાસ માટે દાતાઓ દ્વારા રૂા.૩,૫૫,૦૦૦નું માતબર દાન જાહેર થયું છે.